# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાઅને UHCRCEદ્વારા આજરોજ તા. 10/03/2026 ICCC ખાતે માન. કમિશનરશ્રી ની ઉપસ્તિથીમાંશહેરનીઆબોહવાકીયપડકારોનો સામનો કરવા અને અર્બનલિવબિલિટી (શહેરી જીવનશૈલીની સુગમતા) સુધારવા માટેડેપ્યુટી કમિશનરશ્રી-ડી (હેલ્થ એન્ડ હોસ્પિટલ),ICLEI ના પ્રતિનિધિ, RUVISIONથીંકલેબના પ્રતિનિધિ સાથે એક વર્કશોપ 'શેપિંગસુરત'નું આયોજન કરવામાં આવ્યું હતું. સદર વર્કશોપમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય, ટાઉન પ્લાનિંગ, ગાર્ડન, ટ્રાન્સપોર્ટ, UCD, ફાયર, હાઇડ્રોલિક, એજ્યુકેશન,આઈ.એસ.ડીવિગેરેવિભાગના પ્રતિનિધિઓ હાજર રહેલ.

સુરત મહાનગરપાલિકાનામાન. કમિશનરશ્રીએ શહેરમાં વધતા તાપમાન અને તેની અસરને ધ્યાનમાં રાખીને જણાવ્યું કે સુરત શહેરમાં ચાલી રહેલા**Child Friendly City**અને**Heat Resilient City**જેવા પ્રોજેક્ટ્સ દ્વારા ટેકનોલોજી અને પાયલોટપ્રોજેક્ટ્સના આધારે પુરાવા આધારિત નીતિઓ વિકસાવવામાં આવી રહી છે. માન. કમિશનરશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે શહેરનીસીમાઓથી આગળ વધીને બારડોલી, નવસારી સહિત આસપાસનાવિસ્તારને ધ્યાનમાં રાખીને સંકલિત આયોજન કરવાની જરૂર છે. તમામ વિભાગો સ્પર્ધાત્મક નહીં પરંતુ પરસ્પર પૂરક રીતે કાર્ય કરે તો જ સારા પ્રયોગો નીતિમાં સમાવીનેસુરતને વધુ રેસિલિયન્ટ શહેર બનાવવામાં સફળતા મળશે.

વર્કશોપ દરમિયાન ICLEI ના પ્રતિનિધિદ્વારા આબોહવા પરિવર્તનને કારણે થતા આર્થિક અને સામાજિક નુકસાનના સચોટ આકલન માટે સચોટ ડેટા સિસ્ટમવિકસાવવા પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ સિસ્ટમ દ્વારા ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરનાક્લાયમેટફંડનો ઉપયોગ કરી સુરતના વિકાસ કાર્યોને વધુ ગતિ આપવાનું આયોજન છે. ખાસ કરીને, પૂર કે અતિવૃષ્ટિ જેવી સ્થિતિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થતી અસર અને તેનાથી જનસ્વાસ્થ્ય પર પડતા પ્રતિકૂળપ્રભાવોનેઘટાડવા માટેના ઉપાયો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

RUVISIONથીંકલેબના પ્રતિનિધિ દ્વારા આધુનિક આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીના ઉપયોગ થકી હાયપરલોકલવેધરફોરકાસ્ટિંગ દ્વારા વોર્ડ સ્તરે હવામાનની સચોટ આગાહી કરી શકાય અને જેનાથી ભારે વરસાદ કે પ્રદૂષણ જેવી આકસ્મિક પરિસ્થિતિઓમાંવહીવટીતંત્રનાગરિકોનેસમયસર ચેતવણી આપી શકાય અને જાન-માલનું નુકસાન અટકાવી શકાય તે માટેના આયોજન પર ચર્ચા કરવામાં આવેલ.

સુરતની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને UHCRCEના પ્રતિનિધિ દ્વારા 'હીટ એક્શનપ્લાન'ના અમલીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ અને વિવિધવિભાગની કામગીરી બાબતે ચર્ચા કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગો સહિત UNEP, ICLEI, SVNIT અને જાણીતી મેડિકલ કોલેજોનાપ્રતિનિધિઓએ સહભાગી થઈને સુરતને એક સુરક્ષિત અને રહેવાલાયક આધુનિક શહેર બનાવવા માટેની કટિબદ્ધતાદોહરાવી હતી. આ આયોજન સુરતને વૈશ્વિક સ્તરે ક્લાયમેટસ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરવા અને નાગરિકોનાજીવનધોરણને ઉચ્ચ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે.

જન સંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.૬૧૮
સુરત મહાનગરપાલિકા







